# જાહેરનામું

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

સચિવાલય,ગાંધીનગર.

તારીખઃ ૧૯મી મે, ૨૦૦૯.

**ક્રમાંકઃજી/એલ/૭-૨૦૦૯/વીએનપી/૧૦૨૦૦૫/સી.એસ.-૨૪/છ :-** માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ, ૨૦૦૭(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે ) ની કલમ ૭ની પેટા-કલમ(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અધિનિયમની કલમ ૫ હેઠળ ભરણપોષણ ખર્ચ માટેના હુકમ કરવા અંગે ન્યાયનિર્ણય અને નિર્ણય કરવાના હેતુ માટે રાજયના દરેક સબ-ડિવિઝનમાં સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટનું પ્રમુખસ્થાન ધરાવતી ભરણપોષણ ટ્રિબ્યુનલોની રચના કરે છે.

ટ્રિબ્યુનલ, ગુજરાત માતાપિતા અને વરિષ્ઠ નાગરિકના ભરણપોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ, ૨૦૦૯ના નિયમો ૩,૪ અને ૫ સાથે વાંચતાં, અધિનિયમની કલમ ૭થી કલમ ૧૪માં ઠરાવ્યા પ્રમાણેની સત્તા અને કાર્યો ધરાવશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જયદીપ દ્વિવેદી,
સરકારના ઉપસચિવ.